



# ડીસા પાલીકાના ચીફ ઓફીસરની ઘોર નિષ્ક્રિયતા : ઠેરઠેર ગંદકીનું સામ્રાજ્ય

ડીસા શહેરમાં ગંદકીનો પ્રશ્ન પેચીદો બની રહ્યો છે ત્યારે ડીસા નગરપાલિકાના ચીફ ઓફીસર હેમંતભાઈ પટેલ પણ લોકોના કામ કરવામાં સદંતર નિષ્ફળ નિવડ્યા છે. ચીફ ઓફીસર તરીકે તેમને તમામ વોર્ડોમાં રૂબરૂ જઈ લોકોની સમસ્યા ઓ અંગે વાકેફ થઈ તેને હલ કરવાની હોય છે. પરંતુ ડીસાના ચીફ ઓફીસરનેતો કામ કરવાને બદલે ઐયાશી કરવાનું જ ઘેલુ લાગ્યુ છે. તેઓ ચાલુ સમયે પાલીકાની ઓફીસમાં ગરમાં ગરમ નાસ્તાની જયાફત ઉડાવતા હોય છે. કામ અર્થે કોઈ આવેતો પોતે ઓઝલ પડદામાં હોય એમ મળતા નથી એટલે લોકો રાહ જોઈ પરત જવાના બનાવ બની રહ્યા છે. અત્યારે નગરપાલીકા ઓફીસની સામેજ છેલ્લા મહીના થી ખાડો પડેલો છે. જેનો નિકાલ કરવાનો પાલીકા પાસે સમય નથી ત્યારે વોર્ડોની શી હાલત હશે...? અત્યારે તમામ વોર્ડ ગંદકીમાં ખદબદી રહ્યા છે અને પાલીકાના ચીફ ઓફીસર હેમંત પટેલ સહીતના અધીકારીઓને જાણે કે કઈ પડીજ ન હોય તેમ જણાઈ રહ્યું છે પાલીકાના સત્તાધીશો ની કોઈ ધાક જ કર્મચારીઓ પર ન હોવાનું જણાઈ રહ્યું છે. ત્યારે નિષ્ક્રિય ચીફ ઓફીસર હેમંત પટેલની અહીંથી બદલી કરવામાં આવે અને વિકાસને વરેલા પ્રજા ભિમુખ ચીફ ઓફીસરને મુકવામાં આવે તેવી લોકમાંગ પ્રવર્તિ રહી છે.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)





## દાંતીવાડા યુવા મોરચા દ્વારા કેન્દ્ર સરકાર અને પાકિસ્તાન વિરૂદ્ધ પ્રદર્શન

દાંતીવાડા તાલુકા યુવા મોરચા દ્વારા પાંથાવાડા ખાતે ભારત-પાકિસ્તાન બોર્ડર પર ભારતીય સૈનિકોના થયેલા મોતને લઈ ભારે રોષ સાથે રેલી યોજી હતી અને પાકિસ્તાનના ધ્વજનું દહન કરવામાં આવ્યું હતું. દાંતીવાડાના પાંથાવાડા ગામ ખાતે ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા પ્રમુખ પ્રવિણ ગોમતીવાળા અને અશોક ચૌધરીના નેતૃત્વ હેઠળ ગતરોજ ભારતીય સૈનિકોને બોર્ડર પર પાકિસ્તાની સૈનિક દ્વારા મારી નાંખવામાં આવ્યા હતા અને આવા કિસ્સાઓ બની ચુક્યા હોવા છતાં કેન્દ્ર સરકાર આ બાબતે કોઈ જ પ્રકારના પગલા લેતી ન હોવાના કારણે દાંતીવાડા યુવા મોરચા દ્વારા સરકાર સામે સૂત્રોચ્ચાર અને પાકિસ્તાન ધ્વજનું દહન કરવામાં આવ્યું હતું. જ્યાં પ્રમુખ તાલુકા ભાજપ બાબુભાઈ મોદી, ઈશ્વરસિંહ સોલંકી, મહેન્દ્રભાઈ ત્રિવેદી તથા અગ્રણી કાર્યકરો રમણભાઈ ઘાડીયા, શાંતિભાઈ ડાભી, સુરેન્દ્રસિંહ દેવડા, મફાભાઈ સહિતના લોકો જોડાયા હતા.

# પાલનપુર ખાતે મોંઘવારી સામે જીલ્લા ભાજપ મહિલા મોરચાએ અનોખા અંદાજમાં કર્યુ વિરોધ પ્રદર્શન

## રૂ. ૫માં ભરપેટ ભોજનને લઈને ખોલાઈ સોનીયાજીની દુકાન ચુલા પર રોટલીઓ શેકી મોંઘવારી સામે વ્યકત કરાયો વિરોધ

કેન્દ્રની યુ.પી.એ સરકારના રાજમાં મોંઘવારીએ માઝા મુકી છે. ત્યારે રૂપિયા પાંચમાં ભરપેટ ભોજન મળતું હોવાના નિવેદને બળતામાં ઘી હોમ્યું છે. કાળઝાળ મોંઘવારી અને ગરીબોની ક્રુર મજાક કરતા નિવેદનો સામે આજે બનાસકાંઠા ભાજપ મહિલા મોરચા દ્વારા અનોખા અંદાજમાં વિરોધ પ્રદર્શન યોજાયું હતું.

પાલનપુર શહેરના ગુરૂનાનક ચોક ખાતે બનાસકાંઠા ભાજપના મહિલા મોરચાના નવનિયુકત પ્રમુખ કુસુમબેન રાવલની આગેવાની તળે મોંઘવારી સામે અનોખા અંદાજમાં વિરોધ વ્યકત કરાયો હતો. કેન્દ્ર સરકારના રાજમાં વધતી જતી મોંઘવારીને પગલે ગેસ સિલીન્ડરના ભાવ આસમાને પહોંચ્યા છે. ત્યારે મહિલા મોરચાની બહેનો દ્વારા જાહેરમાં ચુલો સળગાવી રોટલી શેકવાનો કાર્યક્રમ અપાયો હતો. આ ઉપરાંત રૂ.પાંચમાં ભરપેટ ભોજન મળતું હોવાના બાલિશ નિવેદનો સામે "સોનીયાજી ની દુકાન" નામે ગરીબોની મજાક ઉડાવતી ભોજનની થાળી પીરસી વિરોધ વ્યકત કરતા ઉગ્ર સુત્રોચ્ચાર કરાયો હતો.

બનાસકાંઠા જીલ્લા ભાજપ મહિલા મોરચાના અધ્યક્ષા કસુમબેન રાવલે, જયારે ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળીના ભાવો કિલોએ રૂપિયા સાઈઠને આંબી ગયા છે. ત્યારે રૂપિયા પાંચ માં ભરપેટ ભોજનની વાત કરનારી કેન્દ્ર સરકારને આડે હાથ લઈ ભાજપ મહિલા મોરચા દ્વારા કેન્દ્રની બહેરી, બોબડી અને આંધળી કોગ્રેંસ શાસિત યુ.પી.એ સરકારને ઢંઢોળવાનો પ્રયાસ કરાયો હોવાનું જણાવી કુંભકર્ણની ગાઢ નિંદ્રામાં પોઢેલી કેન્દ્ર સરકારની આંખ નહી ઉઘડે તો ભાજપ મહિલા મોરચો જલદ જન આંદોલન છેડશે તેવી ચિમકી પણ ઉચ્ચારી હતી. આ કાર્યક્રમમાં જીલ્લા ભાજપ મહિલા મોરચાના ઉપપ્રમુખ નિર્મલાપુરી, મહામંત્રી નિલમબેન બ્રહમભટ્ટ, શહેર પ્રમુખ પ્રફુલ્લાબેન પટેલ, જીલ્લા ભાજપ મંત્રી હર્ષાબેન મહેશ્વરી, મીતાબેન સોની સહિતની મહિલા મોરચાની કાર્યકર બહેનો સાથે પાલનપુર પાલિકા પ્રમુખ હસમુખ પઢિયાર, નગરસેવક વિજય જોશી, શહેર ભાજપ મહામંત્રી નગીનદાસ મોદી, દલપત બારોટ,અતુલ ચોકસી, શહેર યુવા ભાજપ પ્રમુખ જશવંતસિંહ વાઘેલા સહિત મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો હાજર રહયા હતા.

# તલોદ માર્કેટયાર્ડના નવા ચેરમેનની પત્રકારો સાથે બેઠક મળી

તલોદ, તા.૧૪

સાબરકાંઠા જિલ્લાનું મોટું વેપારી મથક તલોદ છે. જેમાં માર્કેટયાર્ડ વિશેષ છે. આજબાજુના ખેડુતો પોતાનો માલ હરાજી કરવા તલોદ માર્કેટયાર્ડમાં લાવે છે. વેપારી વર્ગ પુરતો હોવાથી ખેડૂતો પકવેલા માલની સંપૂર્ણ હરાજી માર્કેટયાર્ડના કર્મચારીઓની હાજરીમાં રક્ષિત પણે કરવામાં આવી રહી છે. તલોદ માર્કેટયાર્ડ ના નવા ઉત્સાહી ચેરમેન નરેન્દ્રભાઈ પટેલે પત્રકારોની બેઠક યોજી હતી જેમાં તલોદ, હરસોલ, ખેરોલ અને તાજપુર કેમ્પના પત્રકારો હાજર રહ્યા હતા.

પત્રકારોની મિટિંગમાં નરેન્દ્રભાઈ પટેલે સંબોધતાં જણાવ્યું હતું કે માર્કેટયાર્ડની સ્થાપના ૧-૧૦-૧૯૪૮માં થયેલ છે. હાલ અંદાજીત ૧૫૦૦ વહેપારીઓ લાયસન્સ ધરાવે છે અને રોજનું સરેરાશ ૧.૫૦ કરોડનું ટર્નઓવર હાલ થાય છે. ખેડૂતોને સાચો તોલ અને રોકડાં નાણાંના કારણે તલોદ ઉપરાંત દહેગામ, બાયડ, ધનસુરા, મોડાસા, પ્રાંતિજ વગેરે તાલુકાઓના ખેડૂતો પોતાનો માલ લઈને તલોદ માર્કેટયાર્ડમાં આવે છે. તેમણે વધુમાં ઉમેર્યું કે ખેડૂતોની આ સંસ્થા માટે નીચે મુજબ આયોજન કરેલ છે.

માર્કેટ યાર્ડની ૧-૧૦-૧૩ના રોજ ૬૫મી વર્ષગાંઠ આવે છે અને તેની ઉજવણી થશે. વિના મુલ્યે નેત્રયજ્ઞ થશે. અને ખેડૂતોના હમદર્દ એવા સરદાર વલ્લભભાઈ પટેલની ૬ ફૂટની ઉંચી પ્રતિમા મુકવાનું તેમજ ગણેશ ભગવાનની મૂર્તિ મુકવાનું આયોજન કરેલ છે. તલોદ માર્કેટ યાર્ડમાં વર્ષો સુધી સેવા આપનાર ભૂતપૂર્વ ચેરમેન, વા. ચેરમેન અને માજી સેક્રેટરીઓના બોર્ડ રૂમમાં ફોટા મુકવામાં આવશે.આગામી કપાસની નવી સીઝનમાં કપાસની ખરીદી કરવાનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. યાર્ડમાં આવતા તમામ ખેડૂતો માટે સારું ભોજનાલય આગામી દશેરાએ શરુ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

ચેરમેને વધુ બોલતાં માહિતી આપતા પત્રકારોને કહ્યું કે માર્કેટયાર્ડની આવક વધે અને દિન પ્રતિદિન પ્રગતિ થાય તેવા પ્રયત્નો થઈ રહ્યા છે. યાર્ડમાં સી.સી. ટીવી ૧૬ કેમેરાની ગોઠવણ થઈ છે. આ વખતે અશ્વિનભાઈ ઉપાધ્યાય, જીતુભાઈ ત્રિવેદી, પ્રવિણભાઈ રાવલ, મહેન્દ્રભાઈ ગાંધી, ભૂપેન્દ્રભાઈ વ્યાસ, દશરથભાઈ વણઝારા, કે.બી. રાઠોડ અને ચેતનભાઈ શાહ તેમજ સેક્રેટરી સતિષભાઈ પટેલ હાજર હતાં.

## ભાજપ કાર્યાલય પાલનપુર ખાતે ધ્વજવંદન યોજાશે

૬૭મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી બનાસકાંઠા જિલ્લા ભાજપ દ્વારા કરવામાં આવશે. ધવજવંદન કાર્યક્રમ સવારે ૧૦.૦૦ કલાકે જિલ્લા કાર્યાલય ખાતે જિલ્લા અગ્રણી અને પૂર્વ પ્રમુખ હરેશભાઈ એસ. જાનીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં પાલનપુર શહેર, તાલુકા, અને જિલ્લાના તમામ કાર્યકર્તા શુભેચ્છક, સમર્થક મિત્રોને ધ્વજવંદન કાર્યક્રમમાં સમયસર હાજર રહેવા જિલ્લા ભાજપ પ્રમુખે અનુરોધ કર્યો છે.



પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ભક્તિનો માહોલ સર્વત્ર જામ્યો છે. શિવભક્તિ સાથે કૃષ્ણભક્તિ પણ જામવા લાગતા દ્વારકાધીશ ભગવાનના હિંડોળા પાલનપુરમાં ભક્તો દ્વારા તૈયાર કરી દર્શન કરી મનોરથો પૂરા કરવા લોકો ભક્તિમય બન્યા છે. પાલનપુરમાં ભગવાન દ્વારકાધીશના વૈષ્ણવ સંપ્રદાયના ભક્તો દ્વારા દરરોજ અવનવા હિંડોળા બનાવાય છે. દ્વારકાધીશ ભગવાનનો સૂકા મેવાનો હિંડોળો જાનકી યમુનાબા વિહોલ તરફથી બનાવાયો હતો. જેમાં ભક્તો - મહાનુભવાએ ભર વરસાદ વચ્ચે પટ ખુલ્યા બાદ આરતી કરી ભગવાનના હિંડોળાના દર્શન કરી મનોરથો પૂર્ણ કરવા પ્રભુને પ્રાર્થના કરી હતી. (તસવીર : હરેશ જોષી)

# બનાસકાંઠા જિલ્લા લઘુમતિ મોરચાની બેઠક મળી

બનાસકાંઠા જિલ્લા લઘુમતિ મોરચાના અધ્યક્ષ હમીલાબેન શેખના અધ્યક્ષ સ્થાને જિલ્લા લઘુમતિ મોરચાના હોદેદારોની બેઠક મળી હતી.

બનાસકાંઠા જિલ્લા લઘુમતિ મોરચાની બેઠક પ્રમુખ હમીલાબેન શેખના અધ્યક્ષ સ્થાને મળી હતી જેમાં જિલ્લા લઘુમતિ મોરચાના મહામંત્રી મહેબુબ મનસુરી, શોકતભાઈ ઢુક્કા, અઘારીયા, સાદિકભાઈ ઈદ્રીસભાઈ નાંદોલીયા, સ્વરૂપસિંગ રમજાનખાન ચૌહાણ, બીસ્મીલ્લાબેન મોરવાડીયા, દાવડા મુસ્તાકભાઈ વગેરે મળી રમઝાન ઈદ નિમિત્તે એક બીજાને શુભેચ્છા પાઠવી અને સંગઠનને મજબુત બનાવવા હાકલ કરી હતી.

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

**તલોદ**

| | | |
|---|---|---|
| મગફળી | ૫૦૦ | ૭૫૭ |
| મકાઈ | ૨૯૦ | ૩૧૦ |
| એરંડા | ૬૮૨ | ૬૯૫ |
| ઘઉં | ૩૦૮ | ૩૪૫ |
| બાજરી | ૨૩૦ | ૨૯૭ |
| ગવાર | ૮૫૦ | ૧૦૨૦ |
| જુવાર | ૩૧૦ | ૩૪૬ |

**સલાલ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૬૫ |
| મગફળી | ૭૦૦ | ૮૨૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૦ |
| બાજરી | ૨૩૦ | ૨૭૦ |
| ડાંગર જ્યા | ૨૮૦ | ૩૨૫ |

**પ્રાંતિજ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૭૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૦ |
| બાજરી | ૨૦૦ | ૨૭૦ |
| ડાંગર જ્યા | ૨૮૦ | ૩૨૬ |

**ખેડબ્રહ્મા**

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૧૦ | ૩૨૦ |
| ઘઉં ૪૯૬ | ૩૧૫ | ૩૪૦ |
| મકાઈ | ૨૭૫ | ૨૮૫ |
| એરંડા | ૬૫૦ | ૬૬૦ |

**મોડાસા**

| | | |
|---|---|---|
| રાયડો | ૫૦૦ | ૫૫૦ |
| એરંડા | ૬૮૦ | ૬૯૧ |
| બાજરી | ૨૫૦ | ૨૭૨ |
| મકાઈ | ૨૯૦ | ૩૧૪ |
| ઘઉં | ૩૦૦ | ૩૬૨ |
| ગવાર | ૮૦૦ | ૯૯૬ |

**દહેગામ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૬૫ | ૨૮૦ |
| ઘઉં | ૩૧૫ | ૩૨૪ |
| ડાંગર | ૨૬૦ | ૨૯૦ |
| એરંડા | ૬૮૦ | ૬૮૮ |
| ગવાર | ૮૦૦ | ૯૫૧ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |
| તુવેર | ૫૨૫ | ૬૧૦ |
| જુવાર | ૩૦૦ | ૩૬૦ |
| રાયડો | ૫૨૦ | ૫૭૦ |

**રખિયાલ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૬૦ | ૨૭૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૨૦ |
| ડાંગર | ૨૫૫ | ૨૮૦ |
| એરંડા | ૬૭૫ | ૬૮૫ |
| ગવાર | ૭૭૫ | ૯૪૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૦ | ૬૦૦ |
| જુવાર ૨૮૦ | | ૩૫૦ |
| રાયડો | ૫૧૦ | ૫૬૦ |

**હિંમતનગર**

| | | |
|---|---|---|
| મગફળી | ૬૫૦ | ૮૩૩ |
| એરંડા | ૬૮૦ | ૬૯૨ |
| ઘઉં | ૩૧૦ | ૪૦૫ |
| બાજરી | ૨૨૦ | ૨૮૨ |
| મકાઈ | ૨૬૫ | ૨૯૦ |
| ગવાર | ૭૨૦ | ૧૦૧૨ |

**ઈડર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૨૨ | ૩૫૮ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૦ |
| એરંડા | ૬૮૫ | ૬૯૫ |
| બાજરી | ૨૫૫ | ૨૭૦ |
| મગફળી | ૬૩૫ | ૭૪૦ |
| ગવાર | ૯૧૫ | ૯૨૫ |
| જુવાર | ૩૫૦ | ૩૬૦ |

**કડી**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૩૩૪ |
| ડાંગર | ૩૦૦ | ૩૧૫ |
| બાજરી | ૨૭૫ | - |
| જવ | ૨૪૫ | - |
| ગવાર | ૮૧૬ | ૯૯૯ |
| એરંડા | ૬૭૨ | ૬૭૭ |
| રાયડો | ૫૭૪ | - |

**પાલનપુર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૩૫૦ |
| બાજરી | ૨૦૮ | ૨૮૪ |
| એરંડા | ૬૫૮ | ૬૮૪ |
| રાજગરો | ૧૧૨૧ | ૧૧૬૫ |
| મગફળી | ૬૦૦ | ૮૪૯ |
| ગવાર | ૭૬૫ | ૧૦૨૨ |
| જવ | ૨૫૮ | ૨૬૦ |

**સિદ્ધપુર**

| | | |
|---|---|---|
| રાયડો | ૫૮૩ | ૬૧૩ |
| એરંડા | ૬૬૫ | ૬૯૫ |
| ગવાર | ૮૬૦ | ૧૦૨૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૫૮ |
| બાજરી | ૨૦૦ | ૨૭૨ |

**વિસનગર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૩૬૬ |
| બાજરી | ૨૧૦ | ૩૧૦ |
| રાયડો | ૫૭૫ | ૬૨૬ |
| એરંડા | ૬૬૫ | ૬૯૬ |
| જુવાર | ૩૧૫ | ૫૦૦ |
| ગવાર | ૬૭૨ | ૧૦૧૨ |
| રજકાના બી | ૧૫૦૦ | ૨૮૦૦ |

**મહેસાણા**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૩ | ૩૩૬ |
| રાયડો | ૫૭૩ | ૬૦૭ |
| બાજરી | ૨૦૮ | ૨૯૮ |
| એરંડા | ૬૬૯ | ૬૮૫ |
| અજમો | ૪૫૦ | ૭૨૧ |
| ગવાર | ૯૭૫ | ૯૯૦ |
| રજકાબી | ૧૦૦૦ | ૨૭૩૦ |

**આંબલીયાસણ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૦૦ | ૨૭૫ |
| રાયડો | ૫૮૪ | - |
| એરંડા | ૬૭૦ | ૬૭૮ |

**જોટાણા**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૭૧ | ૩૪૦ |
| એરંડા | ૬૭૩ | ૬૭૭ |
| બાજરી | ૨૭૫ | - |
| ગવાર | ૯૫૦ | ૧૦૦૦ |

**હારીજ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૫ | ૬૯૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૨૨ |
| ગવાર | ૮૫૦ | ૯૯૪ |
| ચણા | ૫૦૦ | ૫૪૦ |
| જીરૂ | ૨૧૫૦ | ૨૫૨૫ |

**કલોલ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૪૬ |
| એરંડા | ૬૭૫ | ૬૮૨ |
| બાજરી | ૨૪૦ | ૨૮૨ |
| રાયડો | ૫૮૬ | ૫૮૮ |
| ડાંગર | ૨૬૫ | ૩૧૦ |
| ગવાર | ૯૮૦ | ૯૯૨ |
| જુવાર | ૩૩૦ | ૩૫૦ |

**પાટણ**

| | | |
|---|---|---|
| રાયડો | ૫૭૦ | ૬૧૭ |
| એરંડા | ૬૩૦ | ૬૯૧ |
| ઘઉં | ૨૯૮ | ૩૪૦ |
| બાજરી | ૨૫૦ | ૨૮૬ |
| ગવાર | ૯૪૧ | ૯૯૧ |

**ઉંઝા**

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૩૦ | ૨૬૯૨ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૪૪૧ |
| ઈસબગુલ | ૧૨૪૧ | ૧૨૮૫ |
| સરસવ | ૫૭૫ | ૭૦૦ |
| રાયડો | ૫૮૦ | ૬૫૯ |
| તલ | ૧૯૦૧ | ૨૧૫૧ |

# ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ |
|---|---|---|
| બટાટા પંજાબી | - | - |
| બટાટા દેશી | ૧૫૦ | ૨૩૦ |
| બટાટા ડીસા | ૧૮૦ | ૨૫૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૭૦૦ | ૮૫૦ |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૮૦૦ | ૧૦૦૦ |
| રીંગણ | ૩૦૦ | ૫૬૦ |
| રવૈયા | ૪૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૬૦ |
| ફુલાવર | ૩૬૦ | ૪૪૦ |
| ટામેટા પાકા | ૧૬૦ | ૪૦૦ |
| દૂધી | ૧૬૦ | ૪૦૦ |
| કાકડી | ૧૬૦ | ૪૫૦ |
| ગીલોડા | ૪૦૦ | ૧૦૦૦ |
| મરચાં દેશી | ૩૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૧૬૦ | ૩૦૦ |
| આદુ | ૭૦૦ | ૧૨૦૦ |
| બીટ | ૧૬૦ | ૩૬૦ |
| ગાજર | ૨૦૦ | ૨૪૦ |
| મરચા ધોલાર | ૬૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૫૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૫૦ |
| ભીંડા | ૩૦૦ | ૬૦૦ |
| ગવાર | ૬૦૦ | ૧૧૦૦ |
| ચોળી | ૪૦૦ | ૭૦૦ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601